# પોગલુ યુવક મંડળ દ્વારા દિકરી વધાવો કાર્યક્રમ યોજાયો



પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામે પોગલુ યુવક મંડળ દ્વારા દિકરી વધાવો કાર્યક્રમ યોજી નવ દિકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

પોગલુ ગામના મંડળના ઉપક્રમે પટેલ સમાજની વાડી ખાતે ચાલુ વર્ષે જન્મેલ નવ દિકરીઓનું સન્માન કરી સાથો સાથ તેમના માતા-પિતાને ભેટ સોંગાદો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. જયારે પોગલુ ગામના તેજસ્વી તારલાઓને પણ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે સમાજના અગ્રણી બાબુભાઈ પટેલ, મણીભાઈ પટેલ, સુનીલદાસ મહારાજ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન મહેશ પટેલ કર્યું હતું. (તસ્વીર :- સંજય રાવલ, પ્રાંતિજ)

# સવલતો ઝંખતી ડીસા તાલુકાના સોડાપુર ગામની સરકારી શાળા

## શાળા ફરતે દિવાલ ન હોવાથી બાળકો અસલામત : વાલીઓ

ડીસા તા.૨૭

ડીસા તાલુકાના આ છેવાડા ગામમાં સરકારી તંત્રની નજર જ ન પહોચતી હોય તેવી પરિસ્થિતિ છે. મેદાને રમતા અને ટોયલેટ જતા બાળકો પ્રથમ દ્રષ્ટિએ અસલામત છે કેમ કે શાળાની ફરતે પ્રોટેકશન દિવાલ ન હોવાથી બાળકો દુષ્કર્મનો ભોગ બને તેવી સંભાવનાઓ દેખાઈ રહી છે. શાળા ફરતે દિવાલ બને તેવી રજુઆતો વાલીઓ કરી રહ્યા છે.

વાલીઓની રજુઆતોએ મળતી માહિતી અનુસાર ડીસા તાલુકાના છેવાડાના સોડાપુર ગામની સરકારી એક થી પાંચ ધોરણની શાળામાં અભ્યાસ કરતા બાળકો સલામત ન હોવાની રજુઆત કરી છે. આ રજુઆતમાં જણાવાયું છે કે શાળાના મેદાનની ફરતે ગાંડા બાવળોના ઘેરા જંગલ સમાન ઝુંડો છે. તેના પગલે વાલીઓમાં આ વાંઠાની આડે કોઈ બાળક દુષ્કર્મનો ભોગ બને તેવી ડર પ્રસરી રહ્યો છે. આ બાબતે શાળાની મુલાકાત લેતા ખરેખર શાળાની ફરતેના ગાંડા બાવળોના ઝુંડ નજરે ચઢયાં હતા જે બાળકોની સલામતી બાબતે ઘણા સવાલો ઉભા કરે છે. આ બાબતને ગંભીર ગણી તંત્ર શાળા ફરતે પ્રોટેકશન દિવાલનું નિર્માણ કરે તે બાળકોના ભવિષ્યની એક અગત્યની જરૂરિયાત છે. સમગ્ર દેશમાં શાળાએ જતા નાના બાળકો દુષ્કર્મનો ભોગ બની રહ્યા છે જે વાતથી ડીસા તાલુકાના શૈક્ષણિક અધિકારીઓ વાકેફ હશે જ. માટે આ છેવાડાના ગામના કોઈ ગરીબ પર આભ તૂટે તે પહેલા ઉચ્ચ અધિકારીઓ આ બાબતને ગંભીરતાથી લઈ નકકર પગલા લઈ પ્રોટેકશન દિવાલનું નિર્માણ કરવું જોઈએ તેવી વાલીઓ માંગ કરી રહ્યા છે.



દેશભરમાં એક તરફ સ્વચ્છતા અભિયાનના નારા વાગી રહ્યા છે. ખુદ વડા પ્રધાન ઝાડુ લઈ સફાઈ કરી રહ્યા છે. ત્યારે ખેડબ્રહ્માં શહેર અંદર ઠેર ઠેર સોસાયટીઓ અને માર્ગોની આસપાસ કચરાના ઢગલા દેખાઈ રહ્યા છે. સોસાયટીના નાકા પાસે ખદબદી રહેલ ગંદકીથી ભયંકર રોગચાળાની દહેશત વર્તાઈ રહી છે. ગંદકીથી રહીશો ભારે તોબા પોકારી ઉઠયા છે. (તસ્વીર :- રમેશ વૈષ્ણવ)

# મોડાસા એસ.ટી.ડેપોના ડ્રાઈવરનું અજાણ્યા વાહનની ટક્કરથી મોત

મોડાસા તા.૨૭

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં અરવલ્લી જીલ્લાનું નિર્માણ થયા પછી અકસ્માતની ઘટનાઓ છાશવારે બની રહી છે. મોડાસા એસ.ટી.ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ વણકરનું અજાણ્યા વાહન ચાલકે અડફેટે લઈ ટક્કર મારતાં કરૂણ મોત નિપજયું હતું.

મોડાસા-ધનસુરા માર્ગ ઉપર મોડાસા એસ.ટી.ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ વણકર (ઉ.વ.આ.૪૫) રહે.નાના ચેખલા તા.તલોદના વતની હતા. જેઓ ગઈકાલે સાંજે તેમની નોકરી પૂર્ણ થયા બાદ મોડાસા ડેપોમાંથી પોતાનુ બાઈક નં.જી.જે.૯-એ-એલ-૪૬૦૧ લઈ પોતાના રોજીંદા ક્રમ અનુસાર નાના ચેખલા તરફ જતા હતા. ત્યારે કોલીયાડ સ્ટેન્ડ નજીક શીણોલ જવાના માર્ગ પાસેની ચોકડી ઉપર કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાના વાહનને ગફલતભરી રીતે પૂર ઝડપે હંકારી બાઈકના પાછળના ભાગે ટક્કર મારી અકસ્માત સર્જી નાસી છુટયો હતો. આ અકસ્માત એટલો બધો ગંભીર હતો કે બાઈક ચાલક દિનેશભાઈ બાલાભાઈ વણકરને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા અને વધારે પ્રમાણમાં લોહી વહી જતાં તેમનું ઘટના સ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. આ અકસ્માતની જાણ નાના ચેખલા ગામમાં અને એસ.ટી.ડેપોમાં થતાં તેમના ગામમાં હાહાકાર મચી ગયો હતો. જયારે એસ.ટી.ડેપોના કર્મચારીઓ સ્તબ્ધ બની ગયા હતા. ઘટના સ્થળે આવી પહોચેલા મૃતકના સંબંધી ડાહ્યાભાઈની ફરિયાદના આધારે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર કે.જે.ચૌધરીએ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# પાલનપુર સિવિલ હોસ્પિટલમાં આપી રહ્યા છે દર્દીઓને મફત ટીફીન સહાય

પાલનપુર તા.૨૭

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવી રહી છે. આ અંગે ઉપરોકત ટ્રસ્ટના ટીફીનની સહાય આપી રહ્યા છે. તેમજ અનાથ અને વિકલાંગ બાળકો માટે પણ દુધ, બિસ્કીટ જેવી ચીજોનું વિતરણ કરી પુણ્ય કમાઈ રહ્યા છે. દરરોજ ટીફીન સહાય માટે ગામડે-ગામડે ફરીને ફાળો એકત્ર કરે છે અને એકત્ર થયેલા ફાળામાંથી તેઓના માનસરોવર રોડ પાસે આવેલા ટ્રસ્ટના ભવન ખાતે ટીફીન બનાવી દર્દીઓ માટે ટીફીન સહાય પુરી પાડે છે. આમ, છેલ્લા દોઢેક વર્ષથી હોસ્પિટલમાં દૂર-દૂરથી આવતાં દર્દીઓ અને તેમના



બાળ દર્દી વોર્ડમાં સારવાર અર્થે આવતાં બાળકોને દૂધ, ફ્રુટ, બિસ્કીટ વિતરણ તેમજ તેની સાથેના સગાઓને વિના મૂલ્યે ટીફીન સેવા છેલ્લા દોઢેક વર્ષથી માનવતા સેવા ધર્મ સેવા મેનેજીંગ ટ્રસ્ટી અર્જુન ડી.વાઘેલાએ જણાવેલ કે તેઓએ આ ટ્રસ્ટની સ્થાપના તા.૩૦-૩-૨૦૧૩ના રોજ કરી હતી. દરમ્યાન આજ સુધી તેઓ સિવિલ હોસ્પિટલમાં વિના મૂલ્યે સગાઓ માટે ટીફીનની વિનામૂલ્યે સેવા આપી રહ્યા છે અને આગામી સમયમાં તેઓ ટ્રસ્ટને વધુ મજબુત બનાવી દર્દીઓ માટે વધુ સહાયરૂપ બની શકે તેવા પ્રયત્નો કરી રહ્યા છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

**ડીસા ખાતે શ્રી જલારામ યુવા સંગઠન દ્વારા ગરમ કપડાનું વિતરણ** - ડીસા ખાતે શ્રી જલારામ યુવા સંગઠન દ્વારા વિવિધ અવનવી સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમ કે, બ્લડકેમ્પ, મિનરલ પાણીની પરબો, જેવી ઘણી બધી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે આ સંગઠન કામગીરી કરી રહ્યું છે. આ સંગઠન દ્વારા કેટલીક વાર દર્દીઓને ફ્રુટ વિતરણ પણ કરવામાં આવેલ છે. હાલમાં શિયાળાની ઋતુ ચાલી રહેલ હોઈ , ગરીબ માણસો જે ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે તેઓના માટે શ્રી જલારામ યુવા સંગઠન દ્વારા ઘણાંબધા જરૂરીયાતમંદ માણસોને ગરમ સ્વેટર, શાલ તથા કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતુ.



(તસ્વીર- બાબુભાઈ પટેલ)

વડાગામ સ્થિત હિરા ખાડી કેપામાં ૧૦૮ મહા વિષ્ણુયાગ યજ્ઞ યોજાયો હતો. જેમાં એક લાખ સોળ હજાર આહૂતિ આપવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા જોડાઈ હતી.

# સાબરડેરી દ્વારા તાજપુર ખાતે માઈક્રો ટ્રેનીંગ શિબિર યોજાઈ

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ઈશ્વર કૃપા ફાર્મમાં સાબરડેરી આયોજીત માઈક્રો ટ્રેનીંગની ૮૦ દિવસ સુધી પશુપાલકોની તેમજ ખેડુતોની શિબિર યોજવવામાં આવી હતી.

તાજપુર ખાતે આવેલ ફાર્મમાં અત્યાર સુધીમાં ૪૨ દૂધ મંડળીઓના ૪૨૧ સભાસદોને ટ્રેનીંગ આપવામાં આવી છે. જયારે તા.૨૬/૧૨/૨૦૧૪ ને શુક્રવારના રોજ સાબરડેરીના ચેરમેન તથા ગુજરાત મિલ્ક માર્કેટીંગ પ્રોડકશનના ચેરમેન જેઠાભાઈ પટેલ, વાઈસ ચેરમેન કાંતીભાઈ, બોર્ડ ઓફ ડિરેકટર ભોગીભાઈ, મણીભાઈ તાજપુરના સરપંચ તેમજ પશુ વ્યવસાયમાં શંકળાયેલા ખેડૂતો મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિતી જોવા મળી હતી. જયારે સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ એ મહિલાઓને ૮ થી ૧૦ ગાયો રાખી પોતે પોતાનો નાનો ધંધાની શરુઆત કરવા જણાવ્યું હતું અને કયારે આ ધંધામાં આ ખોટ નહી આવે તે માટેની ખાતરી પણ આપી હતી. જયારે ખેતી તથા પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા ખેડૂતો તથા મહિલાઓ ઉપસ્થિત રહી શિબિર દરમ્યાન જોઈતુ માર્ગદર્શન મેળવ્યું હતું.

# રાનેર ગામના માર્ગે થઈ કતલખાને લઈ જવાતા પશુધનને ગૌ-રક્ષકોએ બચાવ્યું

## મુદ્દામાલ સહિત બે આરોપીને પોલીસમાં સોંપ્યા





શિહોરી તા.૨૭

કાંકરેજ તાલુકાના રાનેર ગામેથી શુક્રવારના રોજ ગેરકાયદેસર રીતે કતલખાને લઈ જવાતા પશુધનને ગૌ રક્ષકોએ બાતમી આધારે અટકાવી પોલીસને સોંપ્યુ હતું. પોલીસે પીક અપડાલા સહિત બે આરોપીની અટકાયત કરી ફરિયાદ કરી છે.

મળેલ વિગતો મુજબ રાનેર ગામના માર્ગ ઉપરથી શુક્રવારના રોજ પીક અપ ડાલુ ગેરકાયદેસર પશુધન લઈને કતલખાને જવાનું હોવાની બાતમી ગૌ રક્ષકોને મળી હતી. જે અન્વયે ગૌ રક્ષક રમેશભાઈ શાંન્તિભાઈ (દિયોદર), રઘુભાઈ જોષી, ગોપાલસિંગ જાદવ, મફતભાઈ જોષી(રાનેર) શુક્રવાર સાંજે ચારેક વાગ્યાના સુમારે માર્ગ ઉપર વોચ ગોઠવી હતી. ત્યારે શિહોરી તરફથી પીક અપ ડાલુ નં. જીજે-૨૨ટી-૬૮૧૭ શંકાસ્પદ લાગતા તેને અટકાવી તપાસ કરી હતી. જેમાં બે ભેંસ તથા એક પાડો બાંધેલી હાલતમાં ઘાસચારો કે પાણીની વ્યવસ્થા વગર જોવા મળ્યા હતા.

જેથી આ વાહનના ચાલક ઘનશ્યામગીરી ભેખડગીરી ગૌસ્વામી રહે.ડીસા તથા અનવર હુસૈન જાકીર હુસૈન કુરીશી રહે.ડીસાને પુછપુરછ કરતાં તેઓ એ જણાવેલ હતુ કે આ પશુધન ને સાંતલપુર તાલુકાના માનપુરથી લાવેલ અને ડીસા ગવાડી ખાતે કતલખાને લઈ જતાં હોવાનું કબુલ્યું હતું. આ તમામ માહિતી આધારે ગૌ રક્ષકોએ શિહોરી પોલીસને જાણ કરતાં આરોપી તથા મુદ્દામાલને પોલીસને સોંપ્યા હતા. શિહોરી પોલીસે પશુ ક્રુરતા કલમ ૫,૬,૮ તથા પશુ ઘાતકી પણાની કલમ-૧૧(૧) મુજબ તથા કલમ ૨૭૯,૧૧૪ મુજબ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી બનાવની વિસ્તૃત તપાસ હાથ ધરી છે.

# ભિલોડામાં નવા પી.એસ.આઈ. એચ.પી.ઝાલાની નિમણુંક થતાં દારૂડીયા અને અસામાજીક તત્વોમાં વ્યાપેલો ફફડાટ

ભિલોડા,તા.૨૭

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં છેલ્લા બે ત્રણ માસથી ભિલોડાનગરના હાર્દસમા બજારોમાં દર ૧૦મા દિવસે ૫ થી ૭ કેબીનો તોડી લુંટારૂઓ જે તે દુકાનનો સરસામાન સગે-વગે કરી રફુચક્કર થઈ જતા હતા.જેથી વેપારીઓ ધ્વારા બજારો બંધ રાખી પોલીસ સામે સખત વિરોધ નોંધાવ્યો હતો.તે પછી ઉચ્ચસ્તરે રજુઆત થતાં તાજેતરમાં જ એચ.પી.ઝાલા સબ ઈન્સ્પેકટરની નિમણુંક થતાં જ પ્રથમ તો નાની મોટી દુકાનો તોડી ચોરીનો ઉપદ્રવ બંધ થયો છે.જાહેરમાં ફરતા દારૂના નશામાં ચકચુર દારૂડીયાને પણ મેથીપાક મળતાં જાહેરમાં ઓછા જોવા મળે છે.અરે! ઉનાળાની સીઝનમાં પાણીની પરબોની માફક ભિલોડાની ચારેકોર દારૂની પોટલીઓ વેચવાનો વેપલો વધી ગયો હતો.પણ આજે કહેવા જઈએ તો ૬૦ ટકા પોટલીનો ધંધો કરતા બંધ થયા છે તેમજ વરલી મટકા પણ બંધ થયાનું જાણવા મળેલ છે.તે પછી સારા ઘરના નબીરા બાઈક ઉપર ૦૦૭/૦૦૧ હમ આપ કે કૌન/હમ સે બઢ કર કૌન વિવિધ બાઈક ઉપર સ્ટીકરો લગાવી બિન્દાસ્ત ૮૦ થી ૧૦૦ ની સ્પીડે ભગાવતા બાઈક ચાલકોની સ્પીડ પણ ઓછી થઈ છે.જાહેર સ્થળો જેવા કે એસ.ટી.બસ સ્ટેન્ડ,સીનીમા થીયેટર,વીડીઓ સેન્ટર ઉપર જાહેરમાં બેન-બેટી સામે બિભત્સ ચેનચાળા કરી સતાવતા લુખ્ખા તત્વો પણ ઓછા જોવા મળે છે.ટ્રાફિકની સમસ્યા માટે પણ ઘટતી વ્યવસ્થા કરી છે.આવા બાહોશ અધિકારીની ભિલોડામાં ખરેખર જરૂર હતી.થોડા જ સમયમાં એચ.પી.ઝાલાની ભિલોડાનગર સિવાય આખાય તાલુકામાં પ્રશંનીય કામગીરીની ચારેકોર પ્રશંસા થઈ રહી હોવાનું જાણવા મળ્યું છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

સી.આર.સી. કક્ષાનો રમતોત્સવ યોજાયો

મેઘરજ તાલુકાની ભેમાપુર આશ્રમ શાળા ખાતે પટેલ ઢુંઢા સી.આર.સી. અને મોટી મોયડી સી.આર.સી. તાબાની કુલ ૧૮ શાળાઓનો રમતોત્સવ યોજાયો હતો. જેમાં કુલ ૩૧૦ જેટલા રમતવીરોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં રશ્મિકાન્ત પટેલ અને રાજેશભાઈ પટેલે ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# શ્રી સંતરામ મંદીર ઉમરેઠના ૧૫૪મા વાર્ષિકોત્સવ પ્રસંગે પરમ ભાગવાતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝાની દિવ્યવાણી

પ્રતિનિધિ ધ્વારા ઉમરેઠ તા.૨૭

શ્રી સંતરામ મંદીર ઉમરેઠના ૧૫૪મા વાર્ષિકોત્સવ તેમજ બ્રહ્મલીન અષ્ટમ મહંત પૂ નારાયણદાસજી મહારાજની ૧૧મી પુણ્યતિથિ પ્રસંગે પરમ ભાગવાતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝાની દિવ્યવાણીમાં યોજાએલ શ્રીમદ ભાગવત કથાના દ્રિતિય દિને પ્રસિધ્ધ રામ કથાકાર શ્રી મોરારી બાપુ આજરોજ પધાર્યા હતા.





જેમનું ઉમરેઠ સંતરામ મંદીરના ગાદીપતિ પૂ. ગણેશદાસજી મહારાજે ભાવભીનુ સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે તેઓએ કહ્યુ હતુ કે ભાઈશ્રી ભાગવત કથાના અજવાળા પાથરે છે. શબ્દનારાયણ પુસ્તકના વીમોચન પ્રસંગને ટાંકતા તેઓ આગળ બોલ્યા કે શબ્દો દુઃખી કરતા હોય છે. પરંતુ તેની સાથે નારાયણ જોડાય તો તેના જેવુ સુઃખ કયાંય મળતુ નથી. શબ્દને સુવાડી રાખો કારણ કે તે સુતો નથી અને સુવા દેતો નથી.ભાગવત સ્વયં ભજન છે.ભજનનો પર્યાય ભાગવત છે. કોઈનું નિરંતર યાદ આવવુ એ ભજન છે. પૂ. મોરારી બાપુની ઉમરેઠ ખાતે અગાઉ રામચરીત માનસની ભવ્ય કથા યોજાઈ હતી.

# યુનિક-યુ સ્કુલ ઈડરના વિધાર્થીઓએ "ઈગ્નાઈટ"ની રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લીધો

ઈડર તા.૨૭

ઈડરમાં આવેલી યુનિક-યુ સ્કુલએ પૂર્વ રાષ્ટ્રપતિ ડાં.કલામના ઈન્ડીયા વિઝન-૨૦૨૦ થી પ્રેરિત થઈને શરૂ થયેલી વિશિષ્ટ સ્કુલ છે. બાળકોને પ્રાથમિક કક્ષાએથી જ વિજ્ઞાનમાં રસ લેતાં કરી નવ સર્જન માટે માનસિક રીતે સજ્જ કરવા આ સ્કુલ વિશેષ પ્રયત્નોમાં રહે છે. તાજેતરમાં આ પ્રયત્નોના ભાગરૂપે આઈઆઈએમ અમદાવાદ ખાતે યોજાયેલ "ઈગ્નાઈટ" ની રાષ્ટ્રીય સ્પર્ધામાં ૨૦ થી વધુ વિધાર્થીઓએ ભાગ લીધી હતો. "ઈગ્નાઈટ" એ શાળામાં ભણતા વિધાર્થીઓ માટેની મૌલિક વિચાર અને નવસંશોધનની રાષ્ટ્રીય હરીફાઈ છે. ભારત સરકાર દ્વારા આ દર વર્ષે યોજાય છે. જેમાં આ વિધાર્થીઓએ પરંપરાગત જ્ઞાન અને નવીન શોધોનું એક પ્રદર્શન પણ આ બાળકોએ માણ્યુ હતું. રાષ્ટ્રનિર્માણ માટે યુવાધનના નિર્માણનો આ યજ્ઞ યુનિક-યુ સ્કુલ ઈડરના વિધાર્થીઓ કરી નવ સર્જન માટેનો પોતાનો મૌલિક વિચાર નોંધાવ્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD

Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦